પ્રકાશન નં.૬૦૭

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اذْكُرُوا اللَّهَ ذِكْرًا كَثِيرًا ﴿٤١﴾

(الاحزاب ٣٣:٤١)

હે ઈમાનવાળાઓ! અલ્લાહની ઘણી યાદ કર્યા કરો.

(સૂરએ અહ્ઝાબ ૩૩:૪૧)

" મારી વાતો પહોંચાડો, ભલેને એક જ વાત હોય !"
(હદીષ શરીફ)

આ'માલે આખિરત

મહાન ફઝીલતવાળા આ'માલ

નવા વધારા સાથે

: પુનરવલોકન :
(મવલાના) હસન ભડકોદ્રવી (સા.)

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદ નગર,
મુ.પો. કંથારીઆ - ૩૯૨૦૧૫
તા.જિ. ભરૂચ (ગુજ. ઈન્ડિયા)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلَّذِيْنَ اٰمَنُوْا وَتَطْمَئِنُّ قُلُوْبُهُمْ بِذِكْرِ اللّٰهِ ؕ اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ ﴿۲۸﴾ (الرعد ۱۳:۲۸)

જેઓ ઈમાન લાવ્યા અને જેમનાં દિલ અલ્લાહની યાદથી સંતુષ્ટ થાય છે. સાંભળો! અલ્લાહની યાદથી જ દિલોને શાંતિ મળે છે.

(સૂરએ રઅદ : ૧૩:૨૮)

اَلَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ طُوْبٰى لَهُمْ وَحُسْنُ مَاٰبٍ ﴿۲۹﴾ (الرعد ۱۳:۲۹)

જેઓ ઈમાન લાવ્યા અને સદ્કર્મો કર્યા તેઓ માટે (દુનિયામાં) ખુશહાલી અને (આખિરતમાં) સરસ ઠેકાણું છે. (સૂરએ રઅદ : ૧૩:૨૯)

●●●

કિતાબનું નામ : **આ'માલે આખિરત**

નવા વધારા સાથે

પ્રકાશન નં. : ૬૦૭

પ્રત : ૧૧૦૦

આવૃતિ : પહેલી

હિજરી સન : ૧૪૪૪

ઈસ્વી સન : ૨૦૨૩

કિંમત :

પ્રકાશન વિભાગ :

દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદ નગર,

મુ. પો. કંથારીઆ - ૩૯૨૦૧૫

તા. જિ. ભરૂચ (ગુજ. ઈન્ડિયા)

Tel : ૦૨૬૪૨ - ૨૫૭૦૮૬ Fax: ૦૨૬૪૨ - ૨૫૭૪૮૦

PUBLICATION DEPARTMENT:

DARUL ULOOM BHARUCH, MAHMOOD NAGAR

AT. & PO. KANTHARIA - 392015

TA. & DIST. BHARUCH (GUJ - INDIA)

Tel : 02642-257086, Fax: 02642-257480

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહ રબ્બુલ આલમીન કુર્આને મજીદમાં ફરમાવે છે કે,

اِنَّا جَعَلۡنَا مَا عَلَی الۡاَرۡضِ زِیۡنَۃً لَّہَا لِنَبۡلُوَہُمۡ اَیُّہُمۡ اَحۡسَنُ عَمَلًا ۝٧ (الکہف ١٨:٧)

અર્થ : બેશક, અમે પૃથ્વી પરની વસ્તુઓને તેની શોભા બનાવી છે કે જેથી અમે લોકોને અજમાવીએ કે તેઓમાંથી કોણ વધારે સારી કરણી કરે છે. (સૂરએ કહફ ૧૮:૭)

كُلُّ نَفۡسٍ ذَآئِقَۃُ الۡمَوۡتِ ؕ وَنَبۡلُوۡكُمۡ بِالشَّرِّ وَالۡخَيۡرِ فِتۡنَۃً ؕ وَاِلَيۡنَا تُرۡجَعُوۡنَ ۝٣٥
(الانبیاء ٢١:٣٥)

અર્થ : પ્રત્યેક પ્રાણી મૌતનો સ્વાદ ચાખશે અને અમે તમને પરીક્ષા તરીકે બૂરી અને ભલી સ્થિતિઓ વડે અજમાવીએ છીએ અને (આખરે) તમે સૌ અમારી જ પાસે પાછા આવશો.

(સૂરએ અંબિયા ૨૧:૩૫)

اَحَسِبَ النَّاسُ اَنۡ يُّتۡرَكُوۡۤا اَنۡ يَّقُوۡلُوۡۤا اٰمَنَّا وَہُمۡ لَا يُفۡتَنُوۡنَ ۝٢
(العنکبوت ٢٩:٢)

અર્થ: શું લોકો એમ સમજે છે કે (માત્ર) એટલું કહીને છૂટી જઈશું કે અમે ઈમાન લાવ્યા અને તેમને (સંકટોથી) અજમાવવામાં નહિ આવે ?

(સૂરએ અન્કબૂત ૨૯:૨)

اَلَّذِىۡ خَلَقَ الۡمَوۡتَ وَالۡحَيٰوۃَ لِيَبۡلُوَكُمۡ اَيُّكُمۡ اَحۡسَنُ عَمَلًا ؕ
وَہُوَ الۡعَزِيۡزُ الۡغَفُوۡرُ ۝٢ (الملک ٦٧:٢)

અર્થ: જેણે મૌત અને ઝિંદગી બનાવી, કે જેથી તમને અજમાવે કે તમારામાં કરણીની રૂએ કોણ બેહતર છે ? અને તે જબરદસ્ત (અને) બખ્શનાર છે. (સૂરએ મુલ્ક ૬૭:૨)

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

●●●

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ ط
سُبْحَانَ اللّٰهِ رَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط
اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ط

●●●

سُبْحَانَ رَبِّيْ وَ بِحَمْدِهٖ، سُبْحَانَ رَبِّيْ وَ بِحَمْدِهٖ

પવિત્ર છે મારો પરવરદિગાર અને તેના જ માટે બધી પ્રશંસા છે,
પવિત્ર છે મારો પરવરદિગાર અને તેના જ માટે બધી પ્રશંસા છે.

●●●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
سُبْحَانَ ذِى الْمُلْكِ وَالْمَلَكُوْتِ ط
سُبْحَانَ ذِى الْعِزَّةِ وَالْجَبَرُوْتِ ط
سُبْحَانَ الْحَيِّ الَّذِىْ لَا يَمُوْتُ ط
سُبُّوْحٌ قُدُّوْسٌ رَبُّ الْمَلَآئِكَةِ وَالرُّوْحِ ط

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ
وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ
الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

• • •

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નં.
1	અતિ ટૂંકા સમયમાં કિયામત સુધી (૧,૬૮,૦૦૦૦૦૦) નેકીઓ.....	1
2	શબે કદ્રનાં બરાબર સવાબ.....	3
3	સૂરએ અન્આમની પ્રથમ ત્રણ આયતોની ફઝીલતો	3
4	સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ કિયામત સુધી....	5
5	જનાઝહ નિહાળીને દુઆ પઢવાથી કિયામત સુધી દરરોજ વીસ (૨૦) નેકીઓ લખાતી રહેશે.....	6
6	મગ્ફિરત પામવાનો આસાન અમલ.....	7
7	દસ કરોડ (૧૦,૦૦૦૦૦૦૦) નેકીઓ મળશે	8
8	જન્નતી બનવાનો અમલ.....	11
9	પાંચ સો (૫૦૦) વર્ષની ઈબાદત જેટલો સવાબ.....	12
10	જન્નતમાં સોનાનાં એક હજાર (૧,૦૦૦) મહેલ મળશે, ઉપરાંત.....	13
11	નૂરે અઝીમની પ્રાપ્તિ.....	17
12	સઘળા સગીરહ (નાના) ગુનાહો માફ થઇ જશે...	17
13	અપાર બખશિશ (સૂતી વખતે પઢવાથી સઘળા સગીરહ (નાના) ગુનાહોની માફી).....	17
14	પુલસિરાત ઉપર નૂરે અઝીમ મળશે.....	18
15	હૂરે ઇન સાથે શાદી.....	19
16	સલાતો-સલામ અને દુરૂદે ઈબ્રાહીમ.....	20
17	સમગ્ર મખ્લૂકના બરાબર સવાબ મળશે.....	21
18	અર્શે અઝીમ બરાબર સવાબ.....	22
19	સમગ્ર મુસલમાનોની સંખ્યા બરાબર સવાબ મળશે.....	23
20	દસ (૧૦) વખત પઢવાથી ગુનાહોથી પાક-સાફ થઇ જશે.....	25
21	**ગુનાહો માફ, દરજાત બુલંદ અને જન્નતમાં મહેલ મળશે....**	26

22	સવારે દસ (૧૦) વખત પઢવાની છ (૬) મહાન ફઝીલતો....	27
23	જહન્નમની આગથી છૂટકારો.....	28
24	જહન્નમથી સિત્તેર હજાર (૭૦,૦૦૦) વરસો દૂર.....	29
25	સય્યિદુના અબુલ કાસિમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સુન્નતો.....	34
26	અલ્લાહની બશારત (ખુશખબરી)	43
27	અગણિત અને બેહિસાબ ફરિશ્તાઓની દુઆએ મગ્ફિરત પઢવાવાળા માટે.....	45
28	પઢવાવાળા માટે બેહિસાબ ફરિશ્તાઓની મગ્ફિરતની દુઆ.....	46
29	જન્નતમાં ખજૂરનું ઝાડ.....	47
30	જહન્નમથી છૂટકારો અને જેને અલ્લાહ પાક સાચો બતાવે.....	47
31	સૂઈને જાગ્રત થતી વખતે પઢવા બદલ બધા જ ગુનાહો માફ.....	48
32	અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોની માફી....	50
33	એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) નેકીઓ.....	53
34	માં-બાપનાં એક લાખ (૧,૦૦,૦૦૦) ગુનાહો માફ કરશે.....	54
35	દુનિયામાં રોઝી આપશે અને વફાત પછી જન્નત મળશે.....	54
36	વુઝૂ વખતની ખાસ દુઆ	55
37	પહેલી સફમાં ઊભા રહેવાની ફઝીલત	55
38	જન્નતમાં એક (૧) મહેલ.....	56
39	જન્નતના જે દરવાજેથી ચાહે (તે દરવાજેથી) દાખલ થઇ શકશે.....	56
40	જુમ્અહની રાત્રે (જુમે'રાતના સૂરજ ડૂબવા પછી) સૂરએ દુખાન પઢવાની મહાન ફઝીલત...	58

41	દરેક કદમ (ડગલા) પર આખું વર્ષ રોઝા રાખવાનો અને આખું વર્ષ તહજ્જુદની નમાઝ પઢવાનો સવાબ મેળવવાનો નબવી નુસખો.....	67
42	એક (૧) વાર બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢવાની મહાન ફઝીલત.....	77
43	બજારમાં એક વખત તસ્બીહ (સુબ્હાનલ્લાહ) પઢવાનો સવાબ.....	78
44	બજારમાં પઢવાનો મહાન અજર અને સવાબ.....	79
45	સો (૧૦૦) મહેલ તા'મીર થશે, ઉપરાંત.....	83
46	સાત (૭) વખત પઢવાથી જન્નતમાં એક (૧) ગુંબદ (મિનારો) તૈયાર.....	83
47	ચાળીસ (૪૦) વર્ષની ઈબાદતનો સવાબ.....	84
48	મગ્ફિરત જરૂર થઇ જશે.....	85
49	સૂતી વખતે પઢવા બદલ બધા જ ગુનાહો માફ.....	86
50	સૂઈને જાગ્રત થતી વખતે પઢવા બદલ તમામ ગુનાહો માફ.....	86
51	કરોડો-અબજોની સંખ્યામાં નેકીઓ મળશે.....	87
52	દરેક ડગલા (કદમ) પર એક (૧) વરસનાં રોઝા અને (૧) વરસની નમાઝનો સવાબ.....	88
53	સો (૧૦૦) ઊંટ સદકહ કરવાથી અફઝલ અમલ....	90
54	અગણિત અને બેહિસાબ ફરિશ્તાઓની દુઆએ મગ્ફિરત પઢવાવાળા માટે.....	91
55	પૃથ્વીના પટ પર વસતા સર્વશ્રેષ્ઠ લોકોમાં અને અફઝલ અમલ કરવાવાળા સમૂહમાં સમાવેશ.....	92
56	ઇસ્તિગ્ફાર (દુઆએ મગ્ફિરત) અને તેની ફઝીલત....	94
57	**દુઆ** માંગતા જા, લેતા જા	97

અતિ ટૂંકા સમય (સરેરાશ પાંચ મિનિટ)માં "કિયામત"સુધી એક અબજ અને અડસઠ કરોડ (૧,૬૮૦૦૦૦૦૦) નેકીઓ મેળવવાનો મસ્નૂન અમલ

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) થી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : હઝરત મૂસા ઈબ્ને ઈમરાન (અલૈ.) હઝરત જિબ્રઈલ (અલૈ.) ને મળ્યા. હઝરત જિબ્રઈલ (અલૈ.)એ હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું : જો કોઈ માણસ આયતુલ કુર્સી આટલી આટલી વાર પઢશે, તો તેને આટલો અજર-સવાબ મળશે. હઝરત મૂસા (અલૈ.)એના પર અમલ કરવાની શક્તિ ધરાવતા ન હતા, જેથી હઝરત મૂસા (અલૈ.)એ પોતાના પરવરદિગારની બારગાહમાં દુઆ ગુઝારી કે, તે એમને આ (અજર-સવાબ)થી કમઝોર (મહરૂમ) ન કરી દે. પછી હઝરત જિબ્રઈલ (અલૈ.) બીજી વાર આવ્યા અને હઝરત મૂસા (અલૈ.)ને કહ્યું : આપનો રબ ફરમાવે છે કે, જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી એકવાર આ પ્રમાણે (દુઆ) પઢે :

اَللّٰهُمَّ اِنِّیْ اُقَدِّمُ اِلَیْكَ بَیْنَ یَدَیْ كُلِّ نَفَسٍ وَّلَمْحَةٍ وَّلَحْظَةٍ وَّطَرْفَةٍ یَّطْرِفُ بِهَا اَهْلُ السَّمٰوٰتِ وَاَهْلُ الْاَرْضِ فِیْ كُلِّ شَیْءٍ هُوَ فِیْ عِلْمِكَ كَائِنٌ اَوْقَدْ كَانَ، اُقَدِّمُ اِلَیْكَ بَیْنَ یَدَیْ ذٰلِكَ كُلِّهٖ۔

www.aakhiratkatohfa.com

(અને) ત્યાર બાદ "આયતુલ કુર્સી" પઢે, તો રાત-દિવસના ચોવીસ કલાક થાય છે, દરેક કલાકમાં તે માણસ તરફથી મારી પાસે "કિયામત સુધી સાત કરોડ (૭,૦૦૦૦૦૦૦) નેકીઓ" આવતી રહેશે અને ફરિશ્તાઓ તે નેકીઓને લખવામાં મશગૂલ રહેશે.

(અલ હાકિમ, સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૩૧-૧૩૨, હદીષ ક્રમાંક : ૩૪૬૮)

ઉપરોક્ત દુઆનો અર્થ : હે અલ્લાહ ! હું દરેક શ્વાસ, દરેક ક્ષણ, દરેક પલક અને દરેક એવા સમયમાં કે જેમાં આકાશો અને પૃથ્વીવાસીઓ પોતાની આંખોને એવી ચીજોની મશગૂલીમાં પલકાવે છે કે જે તારા ઈલ્મ અનુસાર અસ્તિત્વમાં આવી ચુકી છે અથવા ભવિષ્યમાં અસ્તિત્વમાં આવશે, (બલ્કે) હું તો ઉપરોક્ત ચીજોથી આગળ વધીને તારી સમક્ષ આયતુલ કુર્સીને પેશ કરું છું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْحَیُّ الْقَیُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ لَهٗ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْهِمْ وَمَا خَلْفَهُمْ ۚ وَلَا یُحِیْطُوْنَ بِشَیْءٍ مِّنْ عِلْمِهٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرْسِیُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ ۚ وَلَا یَـُٔوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِیُّ الْعَظِیْمُ ﴿۲۵۵﴾

(البقرہ ۲:۲۵۵)

શબે કદ્રના બરાબર સવાબ

કુર્આને કરીમના ફરમાન અનુસાર શબે કદ્રમાં ઈબાદત કરવાનો સવાબ એક હજાર (૧,૦૦૦) મહિનાઓની ઈબાદતથી બેહતર છે. એક હજાર મહિનાઓની ત્રીસ હજાર રાતો થાય છે અને વર્ષોની સંખ્યા ત્યાસી (૮૩) વર્ષ, ચાર માસ થાય છે, જે માત્ર અલ્લાહ તઆલાનું ઈનામ જ ઈનામ છે. વળી, અલ્લાહ તઆલાની રહમતની કોઈ હદ નથી, એ કારણે જો અલ્લાહ તઆલા બીજા કોઈ અમલ ઉપર પણ શબે કદ્ર જેટલો સવાબ આપી દે તો એના રહમતના ખઝાનામાં કશી જ કમી થવાની નથી. જેમ કે, નિમ્ન લિખિત કલિમાત "ત્રણ વાર" પઢવાથી "શબે કદ્રના" બરાબર સવાબ મળે છે. આપ પણ એને મોઢે યાદ કરી લો અને આવડો મહાન સવાબ પ્રાપ્ત કરો : (કન્ઝુલ ઉમ્માલ : ૨/૨૨૬)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ ط سُبْحَانَ اللّٰهِ رَبِّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط

સૂરએ અન્આમની પ્રથમ ત્રણ આયતો પઢવાની મહાન ફઝીલતો

- **ચાળીસ હજાર (૪૦,૦૦૦) ફરિશ્તાઓ કિયામત સુધી....**

(૧) **હદીષ** : હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ "સૂરએ અન્આમની" શરૂઆતની "ત્રણ આયતો" પઢશે તો એના માટે "ચાળીસ હજાર" ફરિશ્તાઓ "કિયામત" સુધી ઈબાદત કરશે. એમની એ ઈબાદતનો બધો સવાબ આ આયતો પઢનારના

નામ–એ–આ'માલ (કર્મપત્ર)માં લખવામાં આવશે. ઉપરાંત, એક ફરિશ્તો સાતમા આકાશમાંથી લોખંડની ગદા લઈને ઊતરે છે. જ્યારે શયતાન પઢનાર વ્યક્તિના દિલમાં વસવસા નાખે છે તો એ ફરિશ્તો એ ગદાથી શયતાનને બરાબર ફટકારે છે, જેથી એ પઢનાર અને શયતાનની વચ્ચે સિત્તેર (૭૦) પડદા આડવાડ બની જાય છે. અલ્લાહ તઆલા કિયામતના દિવસે એને ફરમાવશે : ''તું મારા છાંયડા તળે ચાલ, મારા છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નથી. જન્નતનાં ફળ ખા, મારી હૌઝે કવષરનું પાણી પી, સલસબીલની નહેરમાં ગુસલ કર. તું મારો બંદો છે અને હું તારો રબ.'' (હાશિયતુસ્સાવી અલા તફસીરિલ જલાલૈન : ૨/૧૬૪)

(૨) આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું કે જે કોઈ ઉપરની ત્રણ આયતો સવારના સમયે પઢશે તો અલ્લાહ તઆલા"સિત્તેર હજાર"ફરિશ્તા તેની હિફાઝત માટે મુકર્રર કરી આપશે અને સાતમા આસમાનથી એક ફરિશ્તો પોતાની સાથે લોખંડનો હથોડો લઈને ઊતરશે. જ્યારે પણ શયતાન તેના દિલમાં કોઈ બુરાઈ પેદા કરવા ઈચ્છશે તો તે હથોડાથી તેને મારશે, તેમજ પઢનાર અને શયતાન વચ્ચે સિત્તેર હજાર (૭૦,૦૦૦) પડદા થઈ જશે. ઉપરાંત, કિયામતના દિવસે આ પઢનારને કોઈ હિસાબ કે અઝાબ થશે નહીં. (રૂહુલ બયાન, ભાગ–૩)

સૂરએ અન્આમની શરૂઆતની ત્રણ આયતો આ પ્રમાણે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ وَجَعَلَ الظُّلُمٰتِ وَالنُّوْرَ ؕ ثُمَّ الَّذِیْنَ كَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ ۝ هُوَ الَّذِیْ خَلَقَكُمْ مِّنْ طِیْنٍ ثُمَّ قَضٰۤى اَجَلًا ؕ وَ اَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ۝ وَهُوَ اللّٰهُ فِی السَّمٰوٰتِ وَفِی الْاَرْضِ ؕ یَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَیَعْلَمُ مَا تَكْسِبُوْنَ ۝ (الانعام٦:٣، پارہ٧)

સિત્તેર હજાર (૭૦,૦૦૦) ફરિશ્તાઓ "કિયામત" સુધી ઇસ્તિગ્ફાર કરશે

મહાન ફઝીલત: હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, નીચેના શબ્દો પઢી જે માણસ અલ્લાહ તઆલાથી જે કંઈ દુઆ માંગશે તે મળશે. તે માણસના આ'માલનામામાં એક હજાર (૧,૦૦૦) નેકીઓ લખી દેવામાં આવશે અને તે માણસ માટે અલ્લાહ તઆલા "સિત્તેર હજાર" (૭૦,૦૦૦) ફરિશ્તાઓ નક્કી કરશે, જે "કિયામત" સુધી તે માણસ માટે ઇસ્તિગ્ફાર કરતા રહેશે. (તબરાની)

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ تَوَاضَعَ كُلُّ
شَیْءٍ لِّعَظَمَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ
الَّذِیْ ذَلَّ كُلُّ شَیْءٍ لِّعِزَّتِهٖ
وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ خَضَعَ كُلُّ
شَیْءٍ لِّمُلْكِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ
اِسْتَسْلَمَ كُلُّ شَیْءٍ لِّقُدْرَتِهٖ ط

www.aakhiratkatohfa.com

જનાઝહ નિહાળીને દુઆ પઢવા બદલ મળતો અપાર સવાબ

ફઝીલત : હઝરત અનસ (રદિ.)એ રિવાયત બયાન કરી છે કે, જે માણસ જનાઝહ નિહાળીને (નીચે દર્શાવેલી) દુઆ પઢશે, તો (આ દુઆ) પઢવાના દિવસથી લઈને "કિયામત" સુધી "દરરોજ" એના માટે વીસ (૨૦) નેકીઓ લખાતી રહેશે :

اَللّٰهُ اَكْبَرُ، صَدَقَ اللّٰهُ
هٰذَا مَا وَعَدَ اللّٰهُ وَرَسُوْلُهٗ،
اَللّٰهُمَّ زِدْنَا اِيْمَانًا وَّتَسْلِيْمًا ط

('મૌતકી તૈયારી' : પેજ–૧૦૧, લેખક : હઝ. મવ. પીર ઝુલફિકાર અહમદ નક્શબંદી સા. મ. ઝિ.)

જરા વિચારો ! લખલૂંટ સવાબ પામવાનો કેવો અજીબ નુસખો છે....એક દિવસની વીસ (૨૦) નેકીઓ લેખે ઓછામાં ઓછા ફક્ત ૫૦ વર્ષની નેકીઓ ગણીએ તો પણ ૩,૬૫,૦૦૦ નેકીઓ થાય છે, પણ આ તો વાત છે કિયામત સુધીના વર્ષોની. અલ્લાહ જાણે કિયામતના આગમનને કેટલા વર્ષો છે ? ! તદુપરાંત, આ તો એક જ વખત પઢવાનો આવડો મોટો સવાબ છે, પરંતુ જો અનેક જનાઝાઓ નિહાળીને આ દુઆ પઢવામાં આવે તો કેટલી અઢળક નેકીઓ મળતી રહેશે ? ! અલ્લાહ તઆલાના ખઝાનામાં કશી કમી નથી. તે મહા દાતા અને ઉદાર છે.

મગ્ફિરત પામવાનો આસાન અમલ

ફઝીલત : જો કોઇ માણસ નમાઝથી ફારિગ થયા પછી આ (નિમ્ન લિખિત) મુખ્તસર કલિમહ માત્ર " ત્રણવાર" પઢી લેશે, તો તે પોતાની જગ્યાએથી એવી હાલતમાં ઊઠશે કે"તેની મગ્ફિરત"થઇ ચૂકી હશે.

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

સુબ્હાનલ્લાહિલ્ અઝીમી વ બિ–હમ્દિહી
લા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ.

અર્થ : અલ્લાહ તઆલાની મહાન ઝાત પાક છે અને દરેક પ્રકારની તારીફ તેના જ માટે છે, નથી કોઈને કશી તાકાત અને નથી કોઈને કશી કુદરત પરંતુ અલ્લાહ તઆલાને જ.

(ઇબ્નુસ્સુન્ની, કન્ઝુલ ઉમ્માલ, ઝાદે મુઅ્મિન : ૩૩૦)

મારી રહમત મારા ક્રોધકોપ પર ગાલિબ રહેશે

ફઝીલત : હઝરત અબૂ હુરયરહ (રદિ.) કહે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો, " જ્યારે અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકને પેદા કરવાનો ફેંસલો ફરમાવ્યો, તો પોતાની કિતાબમાં– જે અલ્લાહ તઆલા પાસે સુરક્ષિત છે એમાં– પોતાના શિરે અનિવાર્ય ઠરાવ્યું : બેશક, મારી રહમત મારા ગજબ અને વેરભાવના પર ગાલિબ રહેશે."

(મુસ્લિમ શરીફ : ૨/૩૫૬)

www.aakhiratkatohfa.com

તાલિબે ઈલ્મ પર ખર્ચ કરવાનો સવાબ

"ફઝાઈલુલ્ ઈલ્મિ વલ્ ઉલમાઅ્" માં હદીષ મન્કૂલ છે કે, "જે માણસે કોઈ તાલિબે ઈલ્મને એક દિર્હમ અર્પણ કર્યો, તો જાણે તેણે અલ્લાહના રસ્તામાં ઉહદ પહાડ સમાન સોનું ખયરાત કર્યું."

(ફતાવા રહીમિય્યહ : ૨/૬, શમાઈલે કુબરા : ૯/૫૮)

દસ કરોડ નેકીઓ મળશે

મહાન ફઝીલત: હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે, જેણે "રાતની ઈબાદતમાં" આ (નિમ્નલિખિત) ઝિક્ર કર્યો (આ કલિમાત પઢયા) તો તેને "દસ કરોડ" નેકીઓ મળશે :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

સુબ્હાનલ્લાહિ, વલ્હમ્દુલિલ્લાહિ, વ લા ઈલા-હ ઈલ્લલ્લાહુ, વલ્લાહુ અકબર, વ લા હવ્લ વ લા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ.

(અર્થ : અલ્લાહની ઝાત પાક છે અને તમામ પ્રકારની તારીફ અલ્લાહ માટેજ છે અને અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી અને અલ્લાહ ઘણો મહાન છે અને બુરાઈથી બચવાની કશી તાકત નથી તથા નેકી કરવાની કશી કુવ્વત નથી, પરંતુ અલ્લાહ તઆલાની મદદથી.)

(મુખ્તસરુ કિયામિલ્લયલ : ૪૭, સંદર્ભ : મવલાના ઈમ્દાદુલ્લાહ અનવર (ઉસ્તાદ : જામિઅહ કાસિમુલ ઉલૂમ-મુલ્તાન) કૃત 'અકાબિરકા મકામે ઈબાદત : અકાબિરકી રાતેં' પૃષ્ઠ : ૬૦)

www.aakhiratkatohfa.com

يَاحَيُّ يَاقَيُّوْمُ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ،
اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِهٖ وَسَلِّمْ ط

(نزہۃ المجالس)

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ الْقَائِمَةِ وَالصَّلٰوةِ
النَّافِعَةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّارْضَ عَنِّيْ رِضًا
لَا تَسْخَطُ بَعْدَهٗ اَبَدًا ط (مسند احمد)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ كُلَّمَا
ذَكَرَهُ الذَّاكِرُوْنَ، وَكُلَّمَا غَفَلَ عَنْ
ذِكْرِهِ الْغَافِلُوْنَ ط

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

www.aakhiratkatohfa.com

જન્નતી બનવાનો અમલ

❋ અઝાનનો જવાબ દેવાનો સવાબ ❋

عَنْ عُمَرَ بْنِ خَطَّابٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ''اِذْقَالَ الْمُؤَذِّنُ اَللّٰهُ اَكْبَرُ ط اَللّٰهُ اَكْبَرُ ط فَقَالَ اَحَدُكُمْ اَللّٰهُ اَكْبَرُ ط اَللّٰهُ اَكْبَرُ ط ثُمَّ قَالَ اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّا اللّٰهُ ط قَالَ اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ ط ثُمَّ قَالَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهُ ط قَالَ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهُ ط ثُمَّ قَالَ حَيَّ عَلَى الصَّلٰوةُ ط قَالَ لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهُ ط ثُمَّ قَالَ حَيَّ عَلَى الْفَلَاحُ ط قَالَ لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهُ ط ثُمَّ قَالَ اَللّٰهُ اَكْبَرُ ط اَللّٰهُ اَكْبَرُ ط قَالَ اَللّٰهُ اَكْبَرُ ط اَللّٰهُ اَكْبَرُ ط ثُمَّ قَالَ لَآاِلٰهَ اِلَّااللّٰهُ ط قَالَ لَآاِلٰهَ اِلَّا اللّٰهُ ط مِنْ قَلْبِهٖ دَخَلَ الْجَنَّةَ''

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ રદિયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : '' મુઅઝ્ઝિન જ્યારે 'અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર' કહે અને તમારા પૈકી કોઈ માણસ એના જવાબમાં દિલથી 'અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર' કહે; પછી જ્યારે તે (મુઅઝ્ઝિન) 'અશહદુ અલ્ લા ઈલા-હ ઈલ્લલ્લાહ' કહે, તો તે (સાંભળનાર) વ્યક્તિ પણ 'અશહદુ અલ્ લા ઈલા-હ ઈલ્લલ્લાહ' કહે, પછી જ્યારે તે (મુઅઝ્ઝિન) 'અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ' કહે, તો તે (સાંભળનાર) વ્યક્તિ પણ 'અશહદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ' કહે; પછી જ્યારે તે (મુઅઝ્ઝિન) 'હય્ય અલસ્સલાહ' કહે, તો તે (સાંભળનાર) વ્યક્તિ 'લા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ' કહે ; પછી જ્યારે તે (મુઅઝ્ઝિન) 'હય્ય અલલ્ ફલાહ' કહે, તો તે (સાંભળનાર) વ્યક્તિ 'લા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ' કહે; પછી જ્યારે તે (મુઅઝ્ઝિન) 'અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર' કહે, તો તે (સાંભળનાર) વ્યક્તિ પણ 'અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર' કહે; પછી જ્યારે તે (મુઅઝ્ઝિન) 'લા ઈલા-હ ઈલ્લલ્લાહ' કહે, તો તે (સાંભળનાર) વ્યક્તિ પણ 'લા ઈલા-હ ઈલ્લલ્લાહ' કહે તો તે જન્નતમાં જશે.'' (મુસ્લિમ શરીફ : ૧/ ૨૮૯)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ وَاِذَا تُلِيَتْ عَلَيْهِمْ اٰيٰتُهٗ زَادَتْهُمْ اِيْمَانًا وَّعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ۚ﴿۲﴾ الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۚ﴿۳﴾ اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ دَرَجٰتٌ عِنْدَ رَبِّهِمْ وَمَغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ۚ﴿۴﴾ (الانفال ۸:۲،۳،۴)

(૨)પાકા ઈમાનવાળા તે લોકો જ છે કે જ્યારે તેમની સામે અલ્લાહનું નામ લેવામાં આવે છે ત્યારે તેમનાં દિલ ધ્રૂજી ઊઠે છે અને જ્યારે તેની આયતો તેમને પઢી સંભળાવવામાં આવે છે ત્યારે તે આયતો તેમનાં ઈમાનને વધારે (મજબૂત) કરે છે અને તેઓ પોતાના માલિકની ઉપર જ ભરોસો રાખે છે.(૩) (અને) જેઓ નમાઝને કાયમ રાખે છે અને અમે તેમને જે કંઈ આપ્યું છે તેમાંથી (અલ્લાહની રાહમાં) ખર્ચ કરે છે.(૪) તેઓ જ સાચા ઈમાનવાળા છે, તેમને માટે તેમનાં પરવરદિગારને ત્યાં મહાન દરજ્જા તથા બખ્શિશ અને ઈઝઝતની રોજી છે.

(સૂરએ અન્ફાલઃ૮ આયત નં : ૨,૩,૪)

● ● ●

પાંચ સો (૫૦૦) વર્ષની ઈબાદત જેટલો સવાબ

أَخْرَجَ اِبْنُ الضَّرِيْسِ عَنِ الْحَسَنِ قَالَ ''مَنْ قَرَأَ ''قُلْ هُوَاللّٰهُ أَحَدٌ'' مِائَتَىْ مَرَّةٍ كَانَ لَهٗ مِنَ الْاَجْرِ عِبَادَةُ خَمْسِ مِائَةِ سَنَةٍ''

અર્થ : હઝરત હસન બસરી (રહ.) થી રિવાયત છે કે, જો કોઈ માણસ બસો (૨૦૦) વાર **'કુલ હુવલ્લાહુ અહદ....'** પઢશે તો એને પાંચ સો (૫૦૦) વર્ષની ઈબાદતના બરાબર સવાબ મળશે. (ઈબ્નુદ્ દરીસ યા ઈબ્ને ઝરીસ, ફઝાઈલુસ્સુવર : ૧૨૦)

જન્નતમાં સોનાનાં એક હજાર (૧,૦૦૦) મહેલ મળશે, ઉપરાંત....

હદીષ : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ અન્હુમા)થી મવકૂફ રિવાયત છે કે, જે માણસ બે રકા'ત નમાઝ પઢે અને એ બન્ને રકા'તમાં **'કુલ હુવલ્લાહુ અહદ'**ને ત્રીસ વાર પઢે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં સોનાનાં એક હજાર (૧,૦૦૦) મહેલ બનાવશે અને જે વ્યક્તિ આ સૂરતને નમાઝ બહાર–નમાઝ સિવાય ત્રીસ વાર પઢશે, તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં સો (૧૦૦) મહેલ બનાવશે અને જે માણસ પોતાના ઘરવાળાઓ પાસે દાખલ થાય ત્યારે જો આ સૂરતને પઢી લે, તો એના પરિવારજનો અને પાડોશીઓને આ સૂરત દ્વારા ખૈર તથા લાભ પહોંચશે.

(બયહકી : ૨/૫૧૦, સંદર્ભ : આપકી મુશ્કિલાતકા હલ કુર્આની સૂરતોંસે : ૧૨૨)

● ● ●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۚ اَللّٰهُ الصَّمَدُ ۚ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۙ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۚ

(الاخلاص ۱۱۲:۱-۴)

રાત્રે સૂતી વખતે ત્રીસ (૩૦) વખત પઢવાથી જન્નતમાં એક હજાર (૧,૦૦૦) મહેલ તૈયાર થશે :

ફઝીલત : હઝરત ઉસ્માન (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ સૂતી વખતે ત્રીસ (૩૦) વખત (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' (સંપૂર્ણ સૂરત) પઢશે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક હજાર (૧,૦૦૦) મહેલ બનાવશે અને જે વ્યક્તિ આ સૂરત બસો (૨૦૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેને એવો દરજ્જો અતા ફરમાવશે, જેના પર તે રાજી થઈ જશે અને જે ઘરમાં (સૂરએ) ''કુલ હુવલ્લાહુ અહદ....'' પઢવામાં આવશે તો એ ઘરવાળાઓની સાથોસાથ તેના પાડોશીઓને પણ ફાયદો થશે.

(રવાહુ અબ્દુલ મજીદ ફી અમાલીહ)

દરેક પ્રકારની મુસીબત, આપત્તી–વિપત્તી, રંજગમ, પરેશાની, બેચેની અને ત્રાસના નિવારણ માટેની દુઆ

હઝરત અસ્માઅ્ બિન્તે ઉમૈસ રદિયલ્લાહુ અન્હાથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ મને ફરમાવ્યું કે શું હું તમને એવા કલિમાત ન શિખવાડી દઉં, જેને તમે રંજગમ, દુઃખદર્દ, પરેશાની અને મુસીબતના સમયે પઢયા કરો ? પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ મને આ (નિમ્ન લિખિત) કલિમાત શિખવાડયા :

اَللّٰهُ اَللّٰهُ رَبِّيْ لَآ اُشْرِكُ بِهٖ شَيْئًا ط

'' અલ્લાહુ અલ્લાહુ રબ્બી, લા ઉશ્રિકુ બિહી શયૂઆ''

અર્થ : અલ્લાહ તઆલા જ મારો રબ છે, હું તેની સાથે કોઈને પણ શરીક ઠેરવતો (યા ઠેરવતી) નથી.

(અબુ દાવૂદ : ૧/ ૨૧૨, હદીષ ક્રમાંક : ૧૫૨૫, ઈબ્ને હિબ્બાન : ૩/ ૧૪૬, હદીષ ક્રમાંક, ૮૬૪, ઈબ્ને માજહ : ૨૮૫, નસાઈ કૃત અમલુલ યવ્મિ વલ્ લયૂલહ : ૪૧૨, અદુઆઅ્ : ૧૨૭૬, અલ્ અઝકાર : ૧૦૩, અલ્ વાબિલુસ્સય્યિબ : ૨૩૬)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદિયલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે, હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ બનૂ હાશિમ (પોતાના ખાનદાનવાળાઓ)ને જમા ફરમાવ્યા અને પછી ફરમાવ્યું કે, જ્યારે કોઈ મુસીબત યા રંજગમથી તમને પનારો પડે તો આ દુઆ સાત વાર પઢી લો :

اَللّٰهُ اَللّٰهُ رَبِّيْ لَآ اُشْرِكُ بِهٖ شَيْئًا ط

'' અલ્લાહુ અલ્લાહુ રબ્બી, લા ઉશ્રિકુ બિહી શયૂઆ''

(તબરાની : ૧૨૭૭, નસાઈ કૃત અમલુલ યવ્મિ વલ્ લયૂલહ : ૩૯૭, અદુઆઅુલ્ મસ્નૂન : ૩૬૩)

'તબરાની' ની રિવાયત અનુસાર હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)ના મોતના સમયે એમનું અંતિમ કલામ (વાક્ય) આ જ હતું. (અત્તરગીબ વત્તરહીબ : ૩૫૬)

ઉપરોક્ત રિવાયતોથી આ મુખ્તસર કલિમાતનું મહત્ત્વ સાબિત થાય છે.

●●●

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

ખુશદિલીથી–પ્રસન્ન હૃદયે મુલાકાત કરવાની ફઝીલત

હઝરત ઉમર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું: " જ્યારે તે મુસ્લિમો પરસ્પર મુલાકાત કરે છે અને પરસ્પર એક બીજાને સલામ કરે છે, તો અલ્લાહની સમક્ષ તે બંન્ને વ્યક્તિઓ પૈકી વધુ મહબૂબ તે વ્યક્તિ છે, જે પોતાના સાથીથી ખુશદિલી–પ્રસન્ન હૃદયે મુલાકાત કરે છે. જ્યારે તે બંન્ને મુસાફહા (હસ્તમેળાપ)કરે છે, તો અલ્લાહ તઆલા એમના પર સો (૧૦૦) રહમતો નાઝિલ ફરમાવે છે. તે પૈકી નેવું (૯૦) રહમતો મુસાફહામાં પહેલ કરનાર વ્યક્તિ પર અને દસ(૧૦) રહમતો મુસાફહા કરનાર બીજી વ્યક્તિ પર નાઝિલ ફરમાવે છે."

(કન્ઝુલ ઉમ્માલ : ૨૫૨૪૦)

● ● ●

મુસલમાન ભાઈ માટે દુઆ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : " સૌથી જલદી કબૂલ થનારી દુઆ તે છે, જે દુઆ કોઈ મુસલમાન પોતાના એવા ભાઈ માટે કરે, જે (તેની પાસે) મૌજૂદ ન હોય. "

(તિરમિઝી : ૧૯૮૦)

● ● ●

લોકો સામે પોતાની જરૂરત છૂપાવી રાખવાની ફઝીલત

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ મને ફરમાવ્યું : " જે માણસ ભૂખ્યો હોય અથવા તેને બીજી કોઈ ખાસ હાજત કે જરૂરત હોય અને તે પોતાની આ ભૂખ તથા હાજતને લોકોથી છૂપાવી રાખે (એટલે કે લોકો સામે પોતાની ભૂખ કે હાજત જાહેર કરીને તેમની સામે સવાલ ન કરે) તો અલ્લાહ તઆલાના ઝિમ્મે છે કે, તેને હલાલ તરીકાથી– હલાલ માર્ગેથી એક વર્ષની રોજી અતા ફરમાવે."

(બયહકી કૃત શુઅ્બુલ ઈમાન : ૯૬૯૮)

● ● ●

મસ્જિદમાં ખુશ્બૂની ધૂણી દેવાથી સો (૧૦૦) શહીદોનો સવાબ

મસ્જિદમાં લોબાન, ઊદ વગેરેની ધૂણી દેવી અને અગરબત્તીઓ સળગાવવી સુન્નત છે. સહાબ-એ-કિરામ (રદિ.)નો હંમેશા આ જ દસ્તૂર રહ્યો છે. હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું છે :

''પોતાની મસ્જિદોથી બાળકો અને પાગલોને દૂર—અલગ રાખો, પોતાની મસ્જિદોને ખરીદ—વેચાણ અને શોરબકોર તથા ઘોંઘાટથી પાક રાખો, સજા દેવા અને તલવાર ખેંચવાથી પણ પાક રાખો અને મસ્જિદોના દરવાજે વુઝૂખાના ન બનાવો તથા એમને દર જુમ્અહના દિવસે ખુશ્બૂની ધૂણી દેતા રહો.'' ('ઇબ્ને માજહ')

આ લાંબી હદીષમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ અનેક અહકામ પૈકી એક આ પણ હુકમ ફરમાવ્યો છે કે, જુમ્અહના દિવસે મસાજિદને ખુશ્બૂની ધૂણી દેતા રહો, જેમ કે ઇબ્ને શયબહએ હઝરત ઇબ્ને ઉમર (રદિ.)ની રિવાયતથી નકલ કર્યુ છે કે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) દર જુમ્અહના દિવસે મસ્જિદને ધૂણી દેતા હતા.

અફસોસ કે આજે આ સુન્નત સદંતર છૂટી જવા પામી છે. મસાજિદમાં લોકો જાતજાતનાં મકરૂહ તકલ્લુફાત, આડંબર અને દેખાડા કરે છે, પરંતુ આ સુન્નતની તરફ ધ્યાન દેતા નથી. આજે આ સુન્નત બિલકુલ મરી ચૂકી છે. જે માણસ આ મૃત સુન્નતને જીવંત કરશે, તો લોકો જ્યાં સુધી એના પર અમલ કરતા રહેશે, ત્યાં સુધી એને સવાબ મળતો રહેશે, કારણ કે હદીષ શરીફમાં છે :

''અન અબી હુરયૂરતિન્ કા—લ રસૂલુલ્લાહિ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મન તમસ્સ-ક બિ—સુન્નતી ઈન્દ ફસાદિ ઉમ્મતી ફ—લહૂ અજરુ મિઅતિ શહીદિન.''

અર્થ : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ મારી ઉમ્મતના બગાડના વખતે મારી સુન્નત પર અમલ કરતો રહેશે તો એને સો (૧૦૦) શહીદોનો સવાબ મળશે. ('મિશ્કાત શરીફ')

જરૂરી નમ્ર વિનંતી :

મારા ભાઈઓ ! બને એટલું આ અમલ ઉપર અમલ કરીને ૧૦૦ શહીદોનો સવાબ કમાવાની ભરપૂર કોશિશ કરો.

નૂરે અઝીમની પ્રાપ્તિ

મહાન ફઝીલત : રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહના દિવસે મારા પર સો (૧૦૦) વખત દુરૂદ શરીફ પઢે છે તો એ માણસ કિયામતના દિવસે એવી હાલતમાં આવશે કે એની સાથે (એક એવું) નૂર હશે કે જો એ નૂરને સમગ્ર મખ્લૂક પર વહેંચી દેવામાં આવે તો એ નૂર એમના સૌના માટે (અર્થાત્ આખી મખ્લૂક માટે) કાફી થઈ પડશે. (કન્ઝુલ ઉમ્માલ : ૨/૫૦૭)

સઘળા ગુનાહોથી માફી

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો : પૃથ્વી (જમીન) પર ચાલનારો કોઈ પણ માણસ જ્યારે આ નીચેના કલિમહ પઢે છે તો તેના તમામ સગીરહ (નાના) ગુનાહો માફ થઈ જાય છે. ચાહે તે સમંદરના કાંપ બરાબર કેમ ન હોય :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

અર્થ : અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને અલ્લાહ ઘણો મોટો છે અને નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકાત; પરંતુ અલ્લાહ તઆલાને જ. (તિરમિઝી શરીફ–નસાઈ)

અપાર બખશિશ

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે : "જે શખ્સ સૂતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢે, તો તેના સઘળા ગુનાહ માફ કરી દેવામાં આવે છે. ભલે, તે ગુનાહ દરિયાના ફીણ જેટલા (વધુ) હોય !"

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ. لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ
وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط
سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

(નસાઈ–ઈબ્ને હિબ્બાન)

નૂરે અઝીમ મળશે

હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે, જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસે કોઈ મુસલમાનની મુસીબત દૂર કરી તો તેને અલ્લાહ તઆલા કિયામતના દિવસે પુલસિરાત ઉપર એવું નૂર અતા કરશે કે જેનાં કિરણો વડે એટલા લોકો રોશની હાસિલ કરશે કે જેની ગણતરી ફક્ત અલ્લાહ તઆલા જ જાણે છે.'' (તબરાની)

● ● ●

અશ્હદુ અલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહ કહો, તમારા ગુનાહ માફ

હદીષ : જ્યારે બંદો أَشْهَدُ أَنْ لَّآ إِلٰهَ إِلَّا اللّٰهُ **(અશ્હદુ અલ્લા ઇલા-હ ઇલ્લલ્લાહ)** કહે છે તો અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે, ''અય મારા ફરિશ્તાઓ ! મારા બંદાએ જાણી લીધું કે, મારા સિવાય બીજો કોઈ એનો રબ-પાલનહાર નથી અને હું તમને ગવાહ બનાવું છું કે, મેં એ બંદાની મગ્ફિરત ફરમાવી દીધી.''

(કન્ઝુલ ઉમ્માલ : ૧/૪૮ : ૧૩૬)

● ● ●

મુસાફહા વખતે બંને યગ્ફિરુલ્લાહુ લના વલકુમ અને મિજાઝપુર્સી વખતે અલ્હમ્દુ લિલ્લાહ કહો, બંનેના ગુનાહ માફ

હદીષ : હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) ફરમાવે છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : ''જ્યારે બે મુસલમાન મુલાકાતના સમયે મુસાફહા કરે છે અને અલ્લાહ તઆલાની તારીફ કરે છે અને અલ્લાહ તઆલાથી મગ્ફિરતની ઉમ્મીદ તલબ કરે છે (એટલે કે મુસાફહાના સમયે يَغْفِرُ اللّٰهُ لَنَا وَلَكُمْ **(યગ્ફિરુલ્લાહુ લના વ-લ-કુમ)** અને મિજાઝપુર્સીના સમયે اَلْحَمْدُ لِلّٰهِ **(અલ્હમ્દુ લિલ્લાહ)** કહે છે) તો એમની મગ્ફિરત કરી દેવામાં આવે છે. (અબૂ દાવૂદ : ૨/૭૦૮)

www.aakhiratkatohfa.com

મોટી મોટી ત્રણ સુન્નતો

(૧) રાત્રે સુતા પહેલા વુઝૂ કરે. હદીષ શરીફમાં આવ્યું છે કે : જે માણસ વુઝૂ કરીને સુએ અને તેજ રાત્રે મરણ પામે તો તેને શહાદતનો મરતબો પ્રાપ્ત થશે.

(૨) રાત્રે સુતી વખતે ૧૦ વખત

لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

લા હવ્-લ વલા કુવ્વ-ત ઇલ્લા બિલ્લાહ.

પઢે, તો આખી રાત તમામ આફતોથી બચેલો રહેશે.

(૩) સુઈને ઉઠતાંજ બંનેવ હાથોંને આંખોં પર ચાર વખત મસળવું. ત્રણ વખત મસળતા ''અલ્હમ્દુલિલ્લાહ'' કહે અને ચોથી વખત ''લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર રસૂલુલ્લાહ'' કહે. (ઝાદે મોઅમિન)

''હૂરે ઈન'' સાથે શાદી કરવામાં આવશે

(૧) હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ત્રણ કામ એવાં છે કે જો કોઈ માણસ ઈમાનની હાલતમાં તેને કરશે તો જન્નતના જે દરવાજેથી ચાહશે તે દરવાજેથી દાખલ થઈ શકશે અને હૂરે ઈન સાથે શાદી કરી દેવામાં આવશે :

૧. જેણે પોતાના કાતિલને (કતલનો પ્રયત્ન કરનારને) માફ કરી દીધો, ૨. જેણે નાનું–મોટું કર્ઝ પણ અદા કરી દીધું, ૩. જેણે દરેક ફર્ઝ નમાઝ પછી દસ વાર ''કુલ હુવલ્લાહુ અહદ''ની સૂરહ પઢી.

હઝરત અબૂબક્ર સિદીક (રદિ.)એ સવાલ કર્યો : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! અથવા (જો કોઈ વ્યકિતએ) એ ત્રણ આ'માલ પૈકી કોઈ એકાદ પણ અમલ કરી લીધો તો ?

આપ (સલ.)એ ફરમાવ્યું : જો એકાદ અમલ પણ કરી લીધો **તો (પણ એ જ હુકમ લાગુ પડશે).**

(અબૂ યઅ્લા, હદીષ નં. : ૧૭૯૪, મજ્મઉઝ્ ઝવાઇદ : ૧૦/૧૦૨, દૂર્રે મન્સૂર : ૬/૪૧૧)

ફાયદો : ઉપરનાં આ'માલમાંથી કોઈ પણ આ'માલ જેટલી વખત કરશો ઈન્શા અલ્લાહ એટલી હૂરો મળશે.

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ
وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ
الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

સમગ્ર મખ્લૂકના બરાબર સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ عَدَدَ مَنْ صَلّٰى عَلَيْهِ
مِنْ خَلْقِكَ، وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ كَمَا يَنْبَغِىْ
لَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ، وَصَلِّ عَلٰى مُحَمَّدِ اِلنَّبِيِّ كَمَا
اَمَرْتَنَا اَنْ نُّصَلِّيَ عَلَيْهِ ط

મહાન ફઝીલત: જે માણસ ઉપરના દુરૂદ શરીફને દરરોજ સવારે દસ (૧૦) વખત પઢશે તો તે માણસ તેના કારણે તમામે તમામ મખ્લૂકના અમલોના જેટલો સવાબ હાસિલ કરે છે.(દૂર્રે મન્પૂર)

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) ફરમાવે છે કે, હું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે હાજર હતો. અચાનક એક માણસ હુઝૂરે અકદસ (સલ.)ની પાસે આવ્યા અને સલામ કરી. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમને સલામનો જવાબ દીધો અને આપનો નૂરવંત ચહેરો (ખુશીથી) ચકચકિત થઈ ઊઠયો અને આપ (સલ.)એ એમને પોતાની પાસે બેસાડી લીધા. પછી તે સજ્જન (જે કામ અર્થે આવ્યા હતા તે) પોતાનું કામ કરી ચૂક્યા (તો જવા માટે) ઊઠયા (અને જ્યારે થોડાક દૂર ચાલ્યા ગયા) તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ (મને) ફરમાવ્યું : હે અબૂ બક્ર ! આ એવો માણસ છે કે દરરોજ

(સમગ્ર) પૃથ્વી(ના પટ પર) વસતા લોકોના અમલના બરાબર આ (એકલા માણસ)નાં અમલ (અલ્લાહ તઆલાને ત્યાં) પહોંચાડવામાં આવે છે. હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.) ફરમાવે છે : મેં અરજ કરી (યા રસૂલલ્લાહ !) : આ (આટલો સવાબ એને દરરોજ) કેમ મળે છે ?

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : આ માણસ જ્યારે સવારે ઊઠે છે તો મારા પર દસ (૧૦) વાર (એવું) દુરૂદ શરીફ પઢે છે (જે પોતાના સવાબમાં) આખી મખ્લૂકના દુરૂદોના બરાબર છે. મેં અરજ કરી (યા રસૂલલ્લાહ !) : તે કયું દુરૂદ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, તે દુરૂદ આ છે.

(દારકુત્ની, ઇબ્ને માજહ)

નોંધ : સવારનો વખત ફજરથી લઇ ઝવાલ પહેલા સુધી ગણાય છે.

● ● ●

અર્શે અઝીમ બરાબર સવાબ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ
وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ પઢનારને આકાશ અને જમીન ભરીને તથા અર્શે અઝીમની બરાબર સવાબ મળે છે. ('ઝરીઅતુલ્ વુસૂલ'...૧૮૨)

● ● ●

www.aakhiratkatohfa.com

સમગ્ર મુસલમાનોની સંખ્યા બરાબર સવાબ મળશે

ફઝીલત : હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, જે માણસ દરરોજ એક વાર (નીચે દર્શાવેલી દુઆ) પઢશે, તો એને દુનિયામાં વસતા તમામ મુઅ્મિનો પૈકી દરેક મુઅ્મિન તરફથી એક–એક નેકી મળશે. (તબરાની કૃત મુઅ્જમે કબીર ૨૩/૭૦,હદીષ નં :૮૭૭)

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ ط

● ● ●

સમગ્ર દુનિયાવાળાઓના બરાબર નેકીઓ

رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ع ﴿٤١﴾ (الابراهيم ١٤:٤١)

રબ્બનગ્ફિર્લી વલિ વાલિ દય્ય વ લિલ્ મુઅ્મિની–ન યવ્મ યકુમુલ્ હિસાબ.

અર્થ : હે મારા પરવરદિગાર ! મને બખ્શી દે અને મારા માં–બાપને બખ્શી દે અને સર્વ ઈમાનવાળાઓની કિયામતના દિવસે મગ્ફિરત કરી આપજે. (સૂરએ ઈબ્રાહીમ, આયત ૪૧)

અથવા આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ ط (حزب اعظم، دوسری منزل، بروز اتوار)

અલ્લાહુમ્મગ્ફિર્ લી વ લિલ્ મુઅ્મિની–ન વલ્ મુઅ્મિનાતિ વલ્ મુસ્લિમી–ન વલ્ મુસ્લિમાત. (હિઝ્બે અઅ્ઝમ, દુસરી મંઝિલ)

[**અર્થ** : હે અલ્લાહ ! મને બખ્શી દે અને તમામ મુઅ્મિન પુરુષો અને તમામ મુઅ્મિન સ્ત્રીઓની મગ્ફિરત ફરમાવ અને મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓને માફ કરી દે.]

ફઝીલત : હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે બંદો ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓ માટે અલ્લાહ તઆલાથી મગ્ફિરત માગશે તો એના માટે દરેક મુઅ્મિન પુરુષ અને દરેક મુઅ્મિન સ્ત્રી પૈકી એક એક નેકી લખવામાં આવશે.
(મુઅઝમે કબીર લિત્તબરાની, બહવાલા–મઆરિફુલ હદીષ, પેજ ૩૨૫, ભાગ ૫)

● ● ●

ખાધા પછી અને કપડા પહેરતી વખતે નીચેની દુઆ પઢો, તમારા આગલા પાછલા ગુનાહ માફ

હદીષ : હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જેણે ખાવું ખાઈને આ દુઆ પઢી :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنِیْ هٰذَا الطَّعَامَ
وَرَزَقَنِیْهِ مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ ط

અર્થ : તમામ વખાણ અલ્લાહ તઆલાના માટે જ છે, જેણે મને આ ખાવું ખવડાવ્યું અને મારી કોશિશ અને શકિત વગર મને એ નસીબ ફરમાવ્યું તો એના આગલા અને પાછલા ગુનાહ માફ થઈ જાય છે અને જે માણસે કપડાં પહેરતી વખતે આ દુઆ પઢી :

www.aakhiratkatohfa.com

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ كَسَانِیْ هٰذَا الثَّوْبَ
وَرَزَقَنِیْهِ مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ

અર્થ : તમામ વખાણ અલ્લાહ તઆલાના માટે જ છે, જેણે મને આ કપડું પહેરાવ્યું અને મારી કોશિશ અને શકિતના વગર મને એ નસીબ ફરમાવ્યું તો એના આગલા અને પાછલા ગુનાહ માફ થઈ જાય છે. (અબૂ દાવૂદ : ૨/૫૫૮)

●●●

સૂરએ અલિફ લામ મિમ સિજદહની મહાન ફઝીલત

(૧) એક રિવાયતમાં છે કે,જેણે અલિફ લામ મિમ સિજદહ (૨૧મો પારહ) અને સૂરએ તબારકલ્લઝી....(૨૯મો પારહ)ને મગરિબ અને ઈશાના દરમિયાન (વચ્ચે) પઢી તો જાણે તેણે લયલતુલ કદ્રમાં કિયામ કર્યો.

(૨) એક રિવાયતમાં છે કે,જેણે આ બન્ને સૂરતોને પઢી તેના માટે ઈબાદતે લયલતુલ કદ્રની બરાબર સવાબ લખવામાં આવે છે.

(કઝાફિલ મઝાહિર–ફઝાઈલે કુર્આન–ફઝાઈલે આ'માલ)

●●●

દસ (૧૦) વખત પઢવાથી ગુનાહોથી પાક–સાફ થઈ જશે

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે,હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ નીચેની દુઆને દસ (૧૦) વખત પઢશે તો તે માણસ ગુનાહોથી એવો પાક–સાફ થઈ ગયો કે જાણે આજે જ પોતાની માંના પેટથી પેદા થયો ને તે દુનિયાની સિત્તેર (૭૦) બલાઓથી બચેલો રહેશે, જેમાં રક્તપિત્ત, કોઢની બીમારીઓ તથા જિન્નાતની અસરનો સમાવેશ થાય છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સિત્તેર (૭૦)માંથી ફક્ત ત્રણનાં જ નામો જાહેર કર્યા. બાકી ૬૭ ભયંકરમાં ભયંકર રોગો છે, જેથી નીચેની દુઆ પઢનારને અલ્લાહ તઆલા બચાવશે, ઈન્શાઅલ્લાહ. તે દુઆ આ રહી :

www.aakhiratkatohfa.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

(વઝાઈફે અશરફિય્યહ, પેજ–૧૦૫)

● ● ●

બજારમાં પઢવાનો મહાન અજર અને સવાબ

★ ગુનાહો માફ, દરજાત બુલંદ અને જન્નતમાં મહેલ ★

ફઝીલત : (૧) હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ બજારમાં દાખલ થતી વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢી લેશે તો અલ્લાહ તઆલા એના હિસાબ (નામ–એ–આ'માલ) માં દસ લાખ નેકીઓ લખી આપશે, એની દસ લાખ ખતાઓ યા ગુનાહોને માફ ફરમાવી દેશે અને એના દસ લાખ દરજાત બુલંદ ફરમાવશે. (તિરમિઝી શરીફ)

ફઝીલત : (૨) એક હદીષ અનુસાર ઉપરોક્ત દુઆ પઢનાર માટે (ઉક્ત ફઝાઈલ ઉપરાંત) જન્નતમાં એક (૧) મહેલ પણ બનાવી દેવાશે.
(મુસ્તદરક હાકિમ, નવવી કૃત "અલ અઝકાર" પૃ. ૨૪૨, હદીષ નં. ૮૫૫)

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ
بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

ફાયદો: મારા ભાઈઓ અને બહેનો! જેટલી વખત આ મહાન અમલ કરશો એટલી વખત આ મહાન ફઝીલત હાસિલ થશે.

નોંધ : રસ્તા ની બંન્ને બાજુ દુકાનો આવેલી હોય તેને બજાર કહે છે.

www.aakhiratkatohfa.com

સવારે દસ (૧૦) વખત પઢવાની છ (૬) મહાન ફઝીલતો

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ، وَسُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، اَسْتَغْفِرُ اللّٰهَ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط اَلْاَوَّلُ وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ بِيَدِهِ الْخَيْرُ يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

ફઝીલત : હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત ઉસ્માન (રદિ.)ને ફરમાવ્યું કે, હે ઉસ્માન (રદિ.) ! જે માણસ આ (ઉપરોકત) કલિમાતને સવારમાં દસ (૧૦) વાર પઢી લે, તો અલ્લાહ તઆલા તેને છ (૬) ફઝીલતો અતા ફરમાવે છે :

(૧) તે શયતાન અને તેના લાવ–લશ્કરથી બચી જાય છે. (૨) તેને એક કિન્તાર (૧૪૬૯ કિલો અને ૬૬૪ ગ્રામ) અજર મળે છે. (૩) જન્નતમાં તેનો એક દરજ્જો બુલંદ થાય છે. (૪) હૂરે ઈન સાથે તેના નિકાહ કરાવવામાં આવે છે. (૫) બાર (૧૨) ફરિશ્તા તેની મૌતના સમયે આવે છે અને તેને જન્નતની બશારત (ખુશખબરી) સંભળાવશે અને (૬) તેને એવા માણસ સમાન સવાબ અર્પણ કરવામાં આવે છે, જેણે કુર્આન, તવરાત, ઈન્જીલ અને ઝબૂર પઢી હોય. તદુપરાંત, તેને એક મકબૂલ હજ અને એક મકબૂલ ઉમરહનો સવાબ મળે છે અને જો તે જ દિવસે તેની વફાત થઈ જાય, તો તેને શહાદતનો દરજ્જો મળે છે. (તફસીરે ઈબ્ને કસીર : ૪/૪૩૯)

નોંધ : સવારનો વખત ફજરથી લઇ ઝવાલ પહેલા સુધી ગણાય છે.

ફાયદો: મારા ભાઈઓ અને બહેનો! જેટલી વખત આ મહાન અમલ કરશો એટલી વખત આ મહાન ફઝીલત હાસિલ થશે.

જહન્નમની આગથી છૂટકારો

જે માણસ બીમારીની હાલતમાં નીચે ટાંકેલી દુઆ પઢશે અને વફાત પામશે તો એને દોઝખની આગ લાગશે નહિ.

''નસાઈ''માં આટલો વધારો છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પોતાની આંગળીઓ પર પાંચ વખત ગણીને ફરમાવ્યું કે, જેણે આ પાંચ કલિમાતને દિવસે યા રાતે યા મહિનામાં પઢયા, પછી તે દિવસે યા રાતે યા મહિનામાં તેની વફાત થઈ તો એના ગુનાહ માફ કરી દેવાશે.

لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ اَللّٰهُ اَكْبَرُ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ
لَا شَرِيْكَ لَهٗ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ لَهُ الْمُلْكُ وَلَهُ
الْحَمْدُ، لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

(તિરમિઝી, નસાઈ, ઈબ્ને માજહ)

● ● ●

જહન્નમથી આઝાદી અને જન્નતમાં મોતી અને માણેકનો મહેલ મળશે

હઝરત અનસ બિન માલિક (રદિ.)થી રિવાયત છે કે,નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જેણે બુધ, જુમે'રાત અને જુમ્અહનો રોઝો રાખ્યો, તેને જહન્નમથી આઝાદ કરી દેવામાં આવે છે, એના માટે જન્નતમાં મોતી અને માણેકનો મહેલ બનાવી દેવામાં આવે છે.'' (તબરાની)

● ● ●

જહન્નમથી સિત્તેર હજાર (૭૦,૦૦૦) વરસો દૂર....

● બીમારને જોવા જવાનો મહાન સવાબ ●

હઝરત અનસ (રદિ.) રિવાયત કરે છે કે, જનાબ રહમતે આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : "જ્યારે કોઈ માણસ વુઝૂ કરી પોતાના મુસ્લિમભાઈની બીમાર પુર્સીએ જાય છે અને સવાબની આશા સાથે જાય છે, તો એ માણસ જહન્નમથી સિત્તેર હજાર (૭૦,૦૦૦) વર્ષની મુસાફરીની લંબાઈ જેટલો દૂર થઈ જાય છે, એટલે કે એને દોઝખમાં દાખલ કરવામાં નહીં આવે. (સુનને અબૂ દાવૂદ)

● ● ●

બે ફરિશ્તાઓ કિયામત સુધી કબરમાં જોતા રહેશે

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)થી રિવાયત છે કે, જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, મૂસા (અલૈ.)એ અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે હે અલ્લાહ ! જે કોઈ માણસ બીમારને જોવા–મળવા જાય એને શું સવાબ મળશે ? હુકમ થયો, હે મૂસા ! હું તે માણસ માટે બે ફરિશ્તાઓ નક્કી કરીશ, જે કિયામત સુધી કબરમાં એને જોતા રહેશે–કબરમાં એની સંભાળ રાખશે.

હઝરત હસન (રદિ.)એ પણ આ જ પ્રમાણે રિવાયત કરેલ છે. (નૂરૂસ્સુદૂર ફી શર્હિલ્ કુબૂર) (ઇમામ જલાલુદ્દીન સુયૂતી રહ.ની કિતાબ)

● ● ●

જન્નતમાં એક ઘર મળશે

● કબર ખોદવાનો સવાબ ●

હદીષ : હઝરત જાબિર (રદિ.) ફરમાવે છે કે,જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઇરશાદ ફરમાવ્યો :

www.aakhiratkatohfa.com

જે માણસે એક કબર ખોદી તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક ઘર બનાવે છે.

(અત્તરગીબ વત્તરહીબ : ૪/૩૩૮, કન્ઝુલ ઉમ્માલ : ૮/૨૧૯)

● ● ●

જન્નતમાં અતલસ અને રેશમનો પોશાક મળશે

હઝરત અબૂ રાફિઅ (રદિ.) બયાન કરે છે કે,જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જેણે કોઈ મય્યિતને કફન પહેરાવ્યું તો અલ્લાહ તઆલા તેને જન્નતનાં અતલસ અને બારીક રેશમનો પોશાક પહેરાવશે." (હાકિમ)

● ● ●

ચાળીસ (૪૦) મોટા મોટા ગુનાહો માફ કરી દેશે

● મુસલમાનના જનાઝા પાછળ જવાની ફઝીલત ●

હઝરત અબૂ રાફિઅ (રદિ.) બયાન કરે છે કે,જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જેણે કોઈ મય્યિતને ગુસલ આપ્યું અને તેની ઐબને છૂપાવી, તો અલ્લાહ તઆલા એવા બંદાના ચાળીસ (૪૦) મોટા ગુનાહ બખ્શી દે છે. જેણે કોઈ મય્યિતને કબ્રમાં ઉતારી તો જાણે તેણે કોઈને કિયામત સુધી રહેવા એક મકાન આપ્યું." (તબરાની)

● ● ●

વાલિદૈનના હકકોની અદાયગી માટે નમાઝ

એક હદીષમાં હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

www.aakhiratkatohfa.com

જે માણસ જુમ્અહની રાતે (જુમેરાતનો સૂરજ ડૂબ્યા પછી) મગરિબ અને ઈશા દરમિયાન બે રકા'ત નમાઝ એવી રીતે પઢે કે એક વાર સૂરએ ફાતિહા, એક વાર આયતુલ કુર્સી અને **સૂરએ ઇખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ) તથા મુઅવ્વિઝતૈન (સૂરએ ફલક અને સૂરએ નાસ)**—આ ત્રણેય સૂરતો પાંચ પાંચ વખત પઢે. (બીજી રકા'ત પણ એ જ પ્રમાણે પઢે) અને જ્યારે નમાઝથી ફારિગ થઈ જાય તો પાંચ વાર ઈસ્તિગ્ફાર કરે અને પંદર વાર હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર દુરૂદ મોકલે. ત્યાર બાદ વાલિદૈનની રૂહોને એનો સવાબ બખ્શી દે. (તો હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે, જેણે આ પ્રમાણે ઈસાલે સવાબ કર્યો) તો તેણે પોતાના વાલિદૈનનો હક અદા કરી દીધો અને અમલના (પુષ્કળ અને અપાર) સવાબને અલ્લાહ તઆલા સિવાય કોઈ બીજું જાણતું નથી—આવરી શકતું નથી.)

(તબરાની ફિલ કબીર : ૯/૨૬૫, સંદર્ભ : મવલાના મુહમ્મદ ખુબૈબ મહમૂદાબાદી કૃત : "અવલાદકે હુકૂક" : ૬૪)

● ● ●

અલ્લાહને પસંદિત (ખુશ કરનાર) અમલ

અલ્લાહ તઆલાની નજીક સૌ આ'માલમાં તે અમલ બહુ પસંદિત છે, જે હંમેશા કરાતો હોય, ભલે થોડો હોય.

(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)

● ● ●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ط

લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

[**અર્થ** : અલ્લાહ તઆલાના સિવાય કોઈ પણ ઈબાદત કરવાને લાયક નથી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના રસૂલ છે.]

• • •

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

અશ્હદુ અંલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વ રસૂલુહ.

[**અર્થ** : હું ગવાહી આપું છું કે અલ્લાહ તઆલાના સિવાય કોઈ બંદગીને લાયક નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તેના બંદા અને રસૂલ છે.]

• • •

ઈમાને મુજમલ

اٰمَنْتُ بِاللّٰهِ كَمَا هُوَ بِاَسْمَآئِهٖ وَصِفَاتِهٖ
وَقَبِلْتُ جَمِيْعَ اَحْكَامِهٖ ط

• • •

ઈમાને મુફસ્સલ

اٰمَنْتُ بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ
وَالْيَوْمِ الْاٰخِرِ ، وَالْقَدْرِ خَيْرِهٖ وَشَرِّهٖ
مِنَ اللّٰهِ تَعَالٰى ، وَالْبَعْثِ بَعْدَ الْمَوْتِ ط

www.aakhiratkatohfa.com

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ ۙ﴿۱﴾ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۙ﴿۲﴾ مٰلِکِ
یَوۡمِ الدِّیۡنِ ؕ﴿۳﴾ اِیَّاکَ نَعۡبُدُ وَ اِیَّاکَ نَسۡتَعِیۡنُ ؕ﴿۴﴾
اِہۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِیۡمَ ۙ﴿۵﴾ صِرَاطَ الَّذِیۡنَ اَنۡعَمۡتَ
عَلَیۡہِمۡ ۬ۙ غَیۡرِ الۡمَغۡضُوۡبِ عَلَیۡہِمۡ وَ لَا الضَّآلِّیۡنَ ﴿۷﴾

• • •

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

شَہِدَ اللّٰہُ اَنَّہٗ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ ۙ وَ الۡمَلٰٓئِکَۃُ
وَ اُولُوا الۡعِلۡمِ قَآئِمًۢا بِالۡقِسۡطِ ؕ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ
الۡعَزِیۡزُ الۡحَکِیۡمُ ﴿۱۸﴾ ؕ★ (آل عمران ۳:۱۸)

• • •

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

قُلۡ ہُوَ اللّٰہُ اَحَدٌ ۚ﴿۱﴾ اَللّٰہُ الصَّمَدُ ۚ﴿۲﴾ لَمۡ یَلِدۡ ۬ۙ
وَ لَمۡ یُوۡلَدۡ ۙ﴿۳﴾ وَ لَمۡ یَکُنۡ لَّہٗ کُفُوًا اَحَدٌ ﴿۴﴾

(الاخلاص ۱۱۲:۱-۴)

★ وَاَنَا اَشْهَدُ اَيْ رَبِّيْ

www.aakhiratkatohfa.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

વુઝૂની સુન્નતો

વુઝૂમાં ૧૮ (અઢાર) સુન્નતો છે. એને અદા કરવાથી કામિલ (સંપૂર્ણ) તરીકાથી વુઝૂ થઈ જશે.

૧. વુઝૂની નિય્યત કરવી. દાખલા તરીકે :

હું નમાઝ સહીહ થવા માટે વુઝૂ કરું છું.

(૨) **"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ"** પઢીને વુઝૂ કરવું. કેટલીક રિવાયતોમાં વુઝૂની 'બિસ્મિલ્લાહ' આ પ્રમાણે આવી છે :–

بِسْمِ اللّٰهِ الْعَظِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى دِيْنِ الْاِسْلَامِ ط

"બિસ્મિલ્લાહિલ અઝીમિ વલ્હમ્દુલિલ્લાહિ અલા દીનીલ ઈસ્લામ."

(૩) બંને હાથોને કાંડા સુધી (પહોંચા સુધી) ત્રણ વખત ધોવા.

(૪) મિસ્વાક કરવું. જો મિસ્વાક ન હોય તો આંગળીથી દાંતોને ઘસવા.

(૫) ત્રણ વખત કુલ્લી (કોગળા) કરવા.

(૬) ત્રણ વખત નાકમાં પાણી ચઢાવવું.

(૭) ત્રણ વખત નાક સાફ કરવું.

(૮) દરેક અંગને ત્રણ–ત્રણ વખત ધોવું.

(૯) ચહેરો ધોતી વેળા દાઢીનો ખિલાલ કરવો.

(૧૦) હાથો અને પગોને ધોતી વખતે આંગળીઓનો ખિલાલ કરવો.

(૧૧) એક વખત આખા માથાનો મસહ કરવો.

(૧૨) માથાના મસહની સાથે કાનોનો મસહ કરવો.

(૧૩) વુઝૂના અંગોને મસળી મસળીને (ઘસી ઘસીને) ધોવા.

(૧૪) પય દર પય (નિરંતર) વુઝૂ કરવું.

(૧૫) તરતીબવાર (ક્રમવાર) વુઝૂ કરવું.

(૧૬) જમણી તરફથી પ્રથમ ધોવું.

(૧૭) વુઝૂ કર્યા પછી કલિમએ શહાદત પઢવું :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

તે પછી આ દુઆ પઢવી :

اَللّٰهُمَّ اجْعَلْنِىْ مِنَ التَّوَّابِيْنَ
وَاجْعَلْنِىْ مِنَ الْمُتَطَهِّرِيْنَ ط

નોંધ :

આ દુઆ વિશે મુલ્લા અલી કારી (રહ.)એ ફરમાવ્યું છે કે, વુઝૂમાં જાહેરી તહારત (પાકી) છે. આ દુઆ વડે બાતિની (આંતરિક) તહારતની દરખાસ્ત પેશ કરવામાં આવી છે. પ્રથમ (જાહેરી તહારત) ઈખ્તિયારી હતી, તે આપણે કરી લીધી, હવે (હે અલ્લાહ !) આપ પોતાની રહમતથી અમારા બાતિન (દિલ)ને પણ પાક કરી દો !

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا
مَّا هُوَ اَهْلُهٗ ط

www.aakhiratkatohfa.com

ગુસલ કરવાનો મસનૂન તરીકો

પ્રથમ બંને હાથોને પહોંચા (કાંડા) સુધી ત્રણ વખત ધોવા.

તે પછી (શરીર પર) કોઈ જગાએ મની (વીર્ય) કે બીજી કોઈ નાપાકી લાગેલી હોય તો તેને ત્રણ વખત (ધોઈને) પાક કરો.

તે પછી નાનો અને મોટો બંને ઈસ્તિન્જા કરો (ભલે, જરૂરત ન હોય).

તે પછી મસનૂન તરીકા પ્રમાણે વુઝૂ કરો. જો ગુસલનું પાણી પગ આગળ ભેગું થતું હોય તો પગ ન ધોવા, ત્યાંથી અલગ થયા પછી ધોવા. નહિતર તે જ વખતે પગ ધોવા જાઈઝ છે.

હવે પાણી પ્રથમ માથા ઊપર રેડો, પછી જમણા ખભા પર. પછી ડાબા ખભા પર (એટલું પાણી રેડો કે માથાથી પગ સુધી પહોંચી જાય). બદન (શરીર)ને હાથો વડે મસળો.

આ એક વખત થયું.

ફરી પાછું બીજી વખત એ જ પ્રમાણે પાણી રેડો. પ્રથમ માથા પર, પછી જમણા ખભા પર, પછી ડાબા ખભા પર. (જ્યાં શરીરનો ભાગ સૂકો રહી જવાનો અંદેશો હોય ત્યાં હાથ મસળીને (ઘસીને) પાણી વહાવવાની કોશિશ કરો).

તે પછી ફરી પાછું ત્રીજી વખતે એ જ પ્રમાણે માથાથી પગ સુધી પાણી વહાવો. *('તિરમિઝી')*

સૂચના :

ગુસલ કર્યા પછી બદન (શરીર)ને કપડાં (કે ટૂવાલ) વડે લૂછવું પણ સાબિત છે અને ન લૂછવું પણ સાબિત છે. એટલે બંને રીતોમાંથી જે રીત પણ અપનાવે તે સુન્નત હોવાની નિય્યત કરી લે. *('મિશ્કાત')*

● ● ●

www.aakhiratkatohfa.com

નમાઝની એકાવન સુન્નતો છે

કિયામમાં ૧૧ (અગિયાર) સુન્નતો છે :

(૧) તકબીરે તહરીમા વખતે સીધા (ટટાર) ઊભા રહેવું. અર્થાત્ માથું ઝુકાવવું નહીં.

(૨) બંને પગોની વચ્ચે ચાર આંગળીઓ જેટલું અંતર રાખવું તેમજ પગોની આંગળીઓને કિબ્લા તરફ રાખવી.

(૩) મુકતદીની તકબીરે તહરીમા ઈમામની તકબીરે તહરીમાની સાથે હોવી.

(૪) તકબીરે તહરીમા કહેતી વખતે (પુરુષોએ) બંને હાથોને કાન સુધી ઉઠાવવા.

(૫) તકબીરે તહરીમા વખતે હાથની હથેળીઓને કિબ્લા તરફ રાખવી.

(૬) તકબીરે તહરીમા વખતે હાથની આંગળીઓને પોતાની અસલ સ્થિતિમાં રાખવી અર્થાત્ ન વધારે પહોળી કરવી, ન વધારે સંકોચવી.

(૭) હાથ બાંધતી વખતે જમણા હાથની હથેળીને ડાબા હાથની હથેળીની પીઠ ઉપર મૂકવી.

(૮) પુરુષોએ જમણા હાથની ટચલી (નાની) આંગળી અને અંગૂઠા વડે વર્તુળ બનાવીને ડાબા હાથનું કાંડું પકડવું.

(૯) વચલી ત્રણ આંગળીઓને ડાબા હાથની કલાઈ (કોણી અને કાંડા વચ્ચેના ભાગ) પર મૂકવી.

(૧૦) પુરુષોએ નાફ (ટૂંટી–નાભિ)ના નીચે હાથ બાંધવા.

(૧૧) 'સના' અર્થાત્ 'સુબ્હાનકલ્લાહુમ્મ...' પઢવું.

● ● ●

www.aakhiratkatohfa.com

કિરાઅતની સાત સુન્નતો

(૧) 'તઅવ્વુઝ' અર્થાત્ 'અઊઝુ બિલ્લાહિ મિનશશયતાનિર્રજીમ' પઢવું.

(૨) 'તસ્મિયહ' અર્થાત્ 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' પઢવું.

(૩) ધીમેથી 'આમીન' કહેવું.

(૪) ફજર અને ઝોહરમાં 'તિવાલે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'હુજૂરાત'થી સૂરએ 'બુરૂજ' સુધી.

અસર અને ઇશામાં 'અવસાતે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'બુરૂજ'થી સૂરએ 'લમ યકુન' સુધી અને

મગરિબમાં 'કિસારે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'ઈઝા ઝુલઝિલત'થી સૂરએ 'નાસ' સુધીની સૂરતોમાંથી (કોઈ સૂરત) પઢવી.

(૫) ફજરની પહેલી રકાત લાંબી કરવી.

(૬) કુર્આન ન વધારે ઉતાવળથી પઢવું, ન વધારે થોભીને પઢવું, બલકે મધ્યમ ઝડપથી પઢવું.

(૭) ફર્ઝ (નમાઝ)ની ત્રીજી અને ચોથી રકાતમાં માત્ર સૂરએ 'ફાતિહા' (અલ્હમ્દુ શરીફ) પઢવું.

રુકૂઅની આઠ સુન્નતો

(૧) રુકૂઅની તકબીર કહેવી.

(૨) પુરુષોએ (રુકૂઅમાં) બંને હાથ વડે ઘૂંટણ પકડવા.

(૩) હાથની આંગળીઓ પહોળી કરીને ઘૂંટણ પકડવા.

(૪) પગની પિંડીઓને સીધી (ટટાર) રાખવી.

(૫) રુકૂઅમાં પુરુષોએ પીઠ બીછાવી દેવી.

(૬) રુકૂઅમાં પુરુષોએ સર અને સુરીન (માથું અને થાપો) સીધી લીટીમાં રાખવા.

www.aakhiratkatohfa.com

(૭) રુકૂઅમાં ઓછામાં ઓછું ત્રણ વખત **"સુબ્હાન રબ્બિયલ અઝીમ"** પઢવું.

(૮) રુકૂઅથી ઊઠતી વખતે

ઇમામે **"સમિઅલ્લાહુ લિમન હમીદહ"** કહેવું.

મુક્તદીએ **"રબ્બના લકલ હમ્દ"** કહેવું અને

મુન્ફરિદે (એકલા નમાઝ પઢનારે) બંને કહેવું.

સિજદહની બાર સુન્નતો

(૧) સિજદહની તકબીર કહેવી.

(૨) સિજદહમાં પ્રથમ બંને ઘૂંટણો જમીન ઉપર મૂકવા.

(૩) તે પછી બંને હાથોને જમીન ઉપર મૂકવા.

(૪) તે પછી નાક જમીન ઉપર મૂકવું.

(૫) તે પછી પેશાની (કપાળ) જમીન ઉપર મૂકવી.

(૬) બંને હાથોની વચ્ચે સિજદહ કરવો.

(૭) પુરુષોએ સિજદહમાં પેટને જાંઘથી અલગ રાખવું.

(૮) પુરુષોએ બાઝૂ (બાવડું અર્થાત્ હાથની કોણી અને ખભા વચ્ચેનો ભાગ) પેહલૂ (પડખાં, પાસાં)થી અલગ રાખવું.

(૯) પુરુષોએ હાથની કોણીઓને જમીનથી અલગ રાખવી.

(૧૦) સિજદહમાં ઓછામાં ઓછું ત્રણ વખત

"સુબ્હાન રબ્બિયલ આ'લા" પઢવું.

(૧૧) સિજદહથી ઊઠવાની તકબીર કહેવી.

(૧૨) સિજદહથી ઊઠતી વખતે :

પ્રથમ પેશાની, પછી નાક, પછી હાથ અને તે પછી ઘૂંટણો (એ પ્રમાણે ક્રમવાર) ઉઠાવવા તેમજ બંને સિજદહ દરમ્યાન ઈત્મીનાનથી બેસવું.

www.aakhiratkatohfa.com

કાઈદહની તેર સુન્નતો

(૧) કાઈદહમાં પુરુષોએ જમણો પગ (પંજો) ઊભો રાખવો અને ડાબો પગ (પંજો) બિછાવીને તેના પર બેસવું તેમજ પગની આંગળીઓને કિબ્લા તરફ રાખવી.

(૨) કાઈદહમાં બંને હાથોને જાંઘ ઉપર મૂકવા.

(૩) 'તશહ્હુદ' (અર્થાત્ અત્તહિય્યાત)માં 'અશ્હદુ અંલ્લા ઈલા–હ' પર શહાદતની આંગળી ઉઠાવવી અને 'ઈલ્લલ્લાહ' પર ઝુકાવી દેવી.

(૪) છેલ્લા કાઈદહમાં દુરૂદ શરીફ (દુરૂદે ઈબ્રાહીમ) પઢવું.

(૫) દુરૂદ શરીફ (દુરૂદે ઈબ્રાહીમ) પઢયા પછી કુર્આન કે હદીસમાં આવી હોય તેવી કોઈ દુઆ પઢવી.

(૬) બંને તરફ સલામ ફેરવવી.

(૭) સલામની શરૂઆત જમણી બાજુથી કરવી.

(૮) સલામ ફેરવતી વખતે ઇમામે મુક્તદીઓ, ફરિશ્તાઓ અને નેક જિન્નાતને સલામ કરવાની નિય્યત કરવી.

(૯) સલામ ફેરવતી વખતે મુક્તદીએ ઇમામ, ફરિશ્તાઓ, નેક જિન્નાત અને જમણી–ડાબી બાજુના મુક્તદીઓને સલામ કરવાની નિય્યત કરવી.

(૧૦) મુન્ફરિદે (એકલા નમાઝ પઢનારે) માત્ર ફરિશ્તાઓને સલામ કરવાની નિય્યત કરવી.

(૧૧) મુક્તદીએ ઇમામની સાથે સલામ ફેરવવી.

(૧૨) ઇમામે બીજી સલામના અવાજને પહેલી સલામના અવાજ કરતાં ધીમો (મંદ) કરવો.

(૧૩) મસ્બૂકે (જેની શરૂઆતની રકાત છૂટી ગઈ હોય તેણે) ઇમામના ફારિગ થવાનો ઈન્તિઝાર કરવો.

www.aakhiratkatohfa.com

સૂચના :

હાથની આંગળીઓ રુકૂઅમાં પહોળી થયેલી અને સિજદહમાં ભેગી થયેલી રાખવી. *('નુરુલ ઈઝાહ'માંથી)*

ઔરતોની નમાઝમાં ખાસ તફાવત :

(૧) તકબીરે તહરીમા વખતે પોતાના બંને હાથ ખભા સુધી ઉઠાવે; પરંતુ હાથોને દુપટ્ટા (ઓઢણી)માંથી બહાર ન કાઢે.

(૨) હાથોને સીના પર બાંધે.

જમણા હાથની હથેળીને માત્ર ડાબા હાથની હથેળીની પીઠ ઉપર મૂકી દે. (મર્દોની જેમ નાની આંગળી અને અંગૂઠા વડે વર્તુળ બનાવીને હાથનું કાંડું ન પકડે.)

બંને બાઝૂઓ (બાવડાં અર્થાત્ હાથનો કોણીથી ખભા સુધીનો ભાગ)ને પેહલૂઓ (પડખાં, પાસાં) સાથે ખૂબ મેળવીને રાખે.

બંને પગની ઘૂંટીઓને બિલકુલ મેળવી દે.

(૩) સિજદહમાં પગો (પંજાઓને આંગળી પર) ઊભા ન રાખે; બલકે જમણી બાજુ (બહાર) કાઢે.

સિજદહ ખૂબ સંકોચાઈને અને દબાઈને એવી રીતે કરે કે પેટ બંને જાંઘોની સાથે તેમજ બંને બાઝૂઓ (બાવડાં) બંને પેહલૂઓની સાથે ભેગાં મળી જાય.

સિજદહમાં બંને હાથની કોણીઓને જમીન પર મૂકી દે.

(૪) કાઈદહમાં બેસે ત્યારે બંને પગોને જમણી તરફ (બહાર) કાઢે.

બંને હાથોને જાંઘ પર મૂકી દે.

હાથની આંગળીઓને ખૂબ મેળવીને રાખે.

નમાઝના તે આદાબ જે બધા માટે એકસરખાં છે :

કિયામ (ઊભા રહેવાની હાલત)માં સિજદહની જગાએ નજર રહે.

રુકૂઅની હાલતમાં પગો પર નજર રહે.

www.aakhiratkatohfa.com

સિજદહની હાલતમાં નાક પર નજર રહે અને

સલામ ફેરવતી વખતે ખભા પર નજર રહે.

બગાસું આવે તો તેને ખૂબ બળપૂર્વક રોકે, છતાં જો ન રોકાય તો જમણા હાથની હથેળીની પીઠ વડે રોકે.

જો ખાંસી આવે એવું લાગે તો તેને પણ રોકવાની કોશિશ કરે તથા કાબૂ રાખે.

સિર્રી નમાઝ (ઝોહર અને અસર)માં એટલા અવાજે પઢે કે પોતે સાંભળી શકે.

સલામ ફેરવ્યા બાદ

એક વખત **"અલ્લાહુ અકબર"** કહે.

તે પછી ત્રણ વખત **"અસ્તગ્ફિરુલ્લાહ"** કહે જેમાં છેલ્લી વખતે જરા ખેંચીને (લંબાવીને) પઢે.

ફર્ઝ નમાઝ પછી નીચેની દુઆઓ પઢે :

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَمِنْكَ السَّلَامُ
تَبَارَكْتَ يَاذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

(૧) **"અલ્લાહુમ્મ અન્તસ્સલામ, વ મિન્કસ્સલામ, તબારક્ત યા ઝલ્જલાલિ વલ્ઇકરામ."** *(ફત્હુલ કદીર ભાગ-૧, પા. ૪૩૯)*

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ
وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(૨) **"લા ઇલા-હ ઇલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ, લહુલ મુલ્કુ વ લહુલ હમ્દુ વ હુવ અલા કુલ્લિ શયઇન કદીર."**

www.aakhiratkatohfa.com

اَللّٰهُمَّ لَا مَانِعَ لِمَا اَعْطَيْتَ وَلَا مُعْطِيَ لِمَا مَنَعْتَ وَلَا يَنْفَعُ ذَا الْجَدِّ مِنْكَ الْجَدُّ ط

(૩) **"અલ્લાહુમ્મ લા માનિ-અ લિમા અઅ્તયૂત વ લા મુઅ્તિ-ય લિમા મનઅ્ત વલા યન્ફઉ ઝલ્જદ્દિ મિન્કલ્જદ્દ."**

• • •

અલ્લાહની બશારત (ખુશખબરી)

અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

وَاِنِّيْ لَغَفَّارٌ لِّمَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحًا ثُمَّ اهْتَدٰى ۝ (طٰهٰ ۲۰:۸۲)

જેણે તૌબા કરી, ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા તેણે (ભલાઈનો) રસ્તો મેળવ્યો. હું માફ કરનાર છું.

હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે,આ આયત હઝરત આદમ (અલૈ.)ના જન્મના દસ હજાર વર્ષ પહેલાં અર્શની આજુબાજુ લખવામાં આવેલી હતી. (ગુન્યતુત્તાલિબીન)

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِي الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِي الْمَلَإِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ،
اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ
وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ
الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ
وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

● ● ●

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ
اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ
بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط